# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04/10/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન અંગેની રાષ્ટ્રીય પરિષદમાં સાત વિષયો પર વિશેષ સમૂહ ચર્ચા કરાઇ.**
2. **ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , કેફી પદાર્થ પર નિયંત્રણ મેળવવામાં ગુજરાત અન્ય રાજ્યો કરતાં આગળ.**
3. **કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ આજે ગાંધીનગર ખાતેથી ‘આપકી પૂંજી આપકા અધિકાર’ ઝુંબેશનો દેશવ્યાપી શુભારંભ કરાવશે.**
4. **ભાજપના નવા અધ્યક્ષ અને રાષ્ટ્રીય પરિષદના સદસ્યોના પરિણામોની જાહેરાત કરાશે.**
5. **અમદાવાદમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની ક્રિકેટ ટેસ્ટમાં આજે ભારત પાંચ વિકેટે 448 રનના સ્કોરથી રમત આગળ વધારશે.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# GANDHINAGAR CONFERENCE

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ચાલી રહેલી જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન અંગેની રાષ્ટ્રીય પરિષદમાં વિશેષ સમૂહ ચર્ચાના ભાગરૂપે એક્શન સેમિનાર યોજાયો , જેમાં ગુજરાત સહિત વિવિધ રાજ્યના કુલ 300 જેટલા અધિકારી- કર્મચારીઓએ વિવિધ સાત વિષયો પર સમૂહ ચર્ચા કરી. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવિએ વધુ માહિતી આપી.

## (બાઇટ : ડો. જયંતિ રવિ)

દરમિયાન નાગરિક-કેન્દ્રિત શાસન માટે મહેસૂલ કાયદાઓનું આધુનિકીકરણ , જમીન રેકોર્ડ અને નોંધણી પ્રણાલીઓનું અપગ્રેડેશન, શહેરી જમીન રેકોર્ડનું નિર્માણ અને અપડેટ, મહેસૂલ અદાલતી કેસ - પ્રક્રિયાનું પુનઃમાળખાકીય રચના , જમીન સંપાદન અને રિસર્વેના પ્રયાસો - વર્તમાન વાસ્તવિકતાઓ અને ભવિષ્યનો માર્ગ , આધુનિક જમીન વહીવટ માટે માનવ સંસાધનનું આયોજન , અને આપત્તિ વ્યવસ્થાપનમાં શ્રેષ્ઠ પ્રથાઓ અને અનુભવની વહેંચણી જેવા વિષયો પર સમૂહ ચર્ચા યોજાઈ,

જેમાં દરેક વિષયના મૂંઝવતા પ્રશ્નો , તેના સ્વોટ એનાલિસિસ , બજેટ, તેના નિરાકરણ માટે લેવાયેલા નિર્ણયો અને તેના પરિણામો અન્વયે સહભાગીઓએ મનોમંથન કર્યું હતું.

---

# HARSH SANGHVI BHARUCH

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ગુજરાત પોલીસે કેફી પદાર્થ પર નિયંત્રણ મેળવવામાં ગુજરાતને ત્રણ વર્ષમાં અન્ય રાજ્યો કરતાં વિશેષ સફળતા મળી છે.

ગઇકાલે ભરૂચના દહેજ ખાતે ગુજરાત માદક પદાર્થ વિરોધી કાર્યદળ-ANTFનો પ્રારંભ કરાવતા શ્રી સંઘવીએ રાજ્ય સરકાર માદક પદાર્થના કારોબારીઓને કડક ચેતવણી આપતા 'નશા-મુક્ત ગુજરાત'ના નિર્માણ માટેના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો.

## (બાઇટ : હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

આ પ્રસંગે 381 કરોડ રૂપિયાના માદકપદાર્થના જથ્થાનો નાશ કરાયો હતો. દરમિયાન રાજ્ય સરકારની 'રીવોર્ડ પોલીસી' હેઠળ, માદક પદાર્થ સામે ઉત્કૃષ્ટ કામગીરી બદલ 4 જિલ્લાના 92 પોલીસ જવાનોને 29 લાખ 67 હજાર રૂપિયાની ઇનામની રકમ અર્પણ કરી તેમનું સન્માન કરાયું.

---

# NIRMALA SITARAMAN

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ આજે ગાંધીનગર ખાતેથી દાવો ન કરાયેલ નાણાકીય સંપત્તિ અંગે દેશવ્યાપી જાગૃતિ ઝુંબેશ ‘આપકી પૂંજી આપકા અધિકાર’ નો શુભારંભ કરાવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , રાજ્યના નાણાં મંત્રી કનુ દેસાઇ ઉપસ્થિત રહેશે.

---

# PM 24 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સત્તાનું સુકાન સંભાળ્યું તેને 7 ઓક્ટોબરે 24 વર્ષ પૂર્ણ થશે. ત્યારે તેમના ગુજરાતના મુખ્યમંત્રીના કાર્યકાળમાં થયેલા પ્રશાસન-પ્રયોગ વિશે આ શ્રેણીમાં આજે વાત કરીશું ગુજરાત  કૌશલ્ય વિકાસ મિશનની. આ મિશન હેઠળ રાજ્યભરમાં કૌશલ્યવર્ધન કેન્દ્રો શરૂ કરાયાં. આ પહેલ યુવાનોના આર્થિક સશક્તિકરણનો પાયો બની છે.

આ અંગે તાલીમાર્થી નીલ નાઈએ પ્રતિક્રિયા આપી.

## (બાઈટ: નીલ નાઈ, તાલીમાર્થી, સુરત)

---

# BJP VISHWAKARMA

ભાજપના પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયાની કામગીરી પૂર્ણ થતાં પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા આજે ગાંધીનગરના ભાજપ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે ભાજપના નવા અધ્યક્ષ અને રાષ્ટ્રીય પરિષદના સદસ્યોના પરિણામોની જાહેરાત કરાશે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ   , કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવ ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે ભાજપના પ્રદેશ અધ્યક્ષ પદ માટે ગઇકાલે સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ ઉમેદવારી પત્ર ભર્યું હતું.

દરમિયાન કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે જગદીશ વિશ્વકર્માની શુભેચ્છા મુલાકાત કરી હતી.

---

## SKY WEEK

દેશભરમાં આજથી 10મી ઓક્ટોબર દરમિયાન વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણી કરાશે.

અમદાવાદમાં ગુજરાત સાયન્સ સિટી દ્વારા વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજશે જેમાં 3,000 થી વધુ બાળકો ભાગ લેવાની સંભાવના છે.

આ અંગે વધુ માહિતી આપતા ગુજરાત સાયન્સ સિટીના વિજ્ઞાન પ્રચાર પ્રસારના જનરલ મેનેજર વ્રજેશ પરીખે આ મુજબ જણાવ્યું.

## બાઈટ વ્રજેશ પરીખ

---

## GST REVIEW

કેન્દ્ર સરકાર દ્વારા વસ્તુ અને સેવા કર-GST ના દરમાં ઘટાડો કરાતા

તમામ વર્ગના લોકોને તેને આવકારી રહ્યા છે. પોરબંદરના સ્થાનિકે જણાવ્યું હતું કે GSTના દરમાં ઘટાડો થતાં મોંઘવારીથી રાહત મળી છે.

## બાઈટ: ફારૂક સૂર્યા (સ્થાનિક)

---

## CRICKET---IND-VS-WI

ભારત આજે અમદાવાદમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટના ત્રીજા દિવસે પ્રથમ દાવમાં પાંચ વિકેટે 448 રનના સ્કોરથી રમત આગળ વધારશે.

ધ્રુવ જુરેલ, રવિન્દ્ર જાડેજા અને કે.એલ. રાહુલની સદીઓને કારણે , ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝ પર 286 રનની નોંધપાત્ર સરસાઈ મેળવી છે. ગઈકાલની રમતના અંતે, જાડેજા 104 રન પર અને વોશિંગ્ટન સુંદર 9 રન પર રમી રહ્યા હતા. જુરેલે 125 રન અને રાહુલે 100 રન બનાવ્યા હતા.

અગાઉ, વેસ્ટ ઈન્ડિઝની આખી ટીમ પ્રથમ દાવમાં ફક્ત 162 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી.

---

## WEATHER FORECAST

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસ માટે કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. સાથે જ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગાજવીજ રહે તેવી શક્યતા છે. અરબી સમુદ્રમાં સિસ્ટમ સક્રિય થતા હળવા વરસાદની સંભાવના છે.

દરિયાકાંઠે 40 થી 50 કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાની શક્યતાને પગલે માછીમારોને આગામી 5 દિવસ દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના નિયામક ડો. એ કે દાસે જણાવ્યુ.

આગામી 24 કલાક વેરાવળ અને અન્ય બંદરો પર LCS-3 અને દક્ષિણના દરિયાકાંઠે DC-1 સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

---

# BHAVNAGAR - BIOTECH CONCLAVE

ગુજરાત રાજ્ય બાયોટેકનોલોજી મિશન દ્વારા બાયોટેકનોલોજી ક્ષેત્રે ઊભરતી તકો અને ભવિષ્યની સંભાવનાઓ અંગે ભાવનગરમાં આજે બાયોટેક કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું છે.

ગઇકાલે પત્રકાર પરિષદને સંબોધતાં ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશનના ડાયરેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે આ કોન્કલેવમાં ગુજરાત બાયોટેકનોલોજી પોલિસી 2022-27, સંશોધન સહાય યોજના તેમજ તાલીમ કાર્યક્રમો સહિત બાયોટેકનોલોજી ક્ષેત્રમાં રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી વિવિધ યોજનાઓ અંગે વિદ્યાર્થીઓ , સંશોધકો તેમજ ઉદ્યોગ સાહસિકો સાથે ચર્ચા કરી માર્ગદર્શન આપવામાં આવશે.

આ ઉપરાંત બાયોટેકનોલોજી અંતર્ગત સરકારની વિવિધ સહાયલક્ષી યોજનાઓ, ઔદ્યોગિક અને શૈક્ષણિક તકો વિશે વિસ્તૃત જાણકારી આપતાં કહ્યું હતું કે, બાયોટેકનોલોજી થકી હેલ્થકેર , કૃષિ, બાયો-એનર્જી અને ઇન્ડસ્ટ્રીયલ બાયોટેક જેવા ક્ષેત્રે ઇનોવેશનથી મહત્વપૂર્ણ પડકારો અને સમસ્યાઓનું નિરાકરણ થઇ રહ્યું છે.

શ્રી જાડેજાએ રાજ્ય સરકારની ગુજરાત બાયોટેકનોલોજી પોલિસી ૨૦૨૨-૨૭ની વિસ્તૃત જાણકારી આપી હતી અને બાયોટેક્નોલોજી ક્ષેત્રે સંશોધન માટે આગળ આવવા પણ તેમણે શિક્ષણવિદો, સંશોધકોને અપીલ કરી હતી.

---

# PATAN – THOUGHT CONFERENCE

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી , અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ તથા શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટી ખાતે "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 નું ઉચ્ચ શિક્ષણમાં ક્રિયાનવયન" વિષય પર એક દિવસીય વિચાર પરિસંવાદનું આજે આયોજન કરાયું હતું.

આ વિચાર પરિસંવાદના મુખ્ય વક્તા ડૉ. અતુલ કોઠારી દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020નું ઉચ્ચ શિક્ષણમાં અમલીકરણ અને અને તેના મહત્વ વિશે ઊંડાણપૂર્વક સમજાવવામાં આવ્યું હતું. કુલપતિ ડૉ. કિશોર પોરીયા દ્વારા અધ્યક્ષીય ઉદબોધન કરાયું હતું.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત આયોજિત આ વિચાર ગોષ્ઠિમાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ વિભાગો તથા કોલેજોના પ્રાધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

---